## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ગણેશ ઊત્સવનાં વિસર્જન પછી... ચાલો શહેરમાં પાછા જઈએ... દિવાળીમાં લક્ષ્મી પૂજન પહેલા ફરીથી આપણી જરૂર પડશે...!!

# મોયેલા ઘઉં પ્રકરણમાં ધારીસણામાં વધુ ૩ દર્દીઓ મળતાં તંત્ર હરકતમાં

ગાંધીનગર, તા. ૩

દહેગામ તાલુકાના ધારીસણામાંથી આજે એક જ પરિવારના ૩ સભ્યોને મોયેલા ઘઉં ખાવાથી અંગ જકડાઈ જવાની વધુ એક ઘટના સામે આવી છે.

દહેગામ તાલુકામાં મોયેલા ઘઉંથી અંગ પકડાઈ જવાની ઘટનાના કુલ કેસ ૭૩ થયા છે. જિલ્લાના આરોગ્યતંત્ર દ્વારા આ બાબતે સર્વેલન્સ વધુ એક વખત શરૂ કરવામાં આવ્યું છે.

મોયેલા ઘઉં માટે દિવેલને જવાબદાર લેખવામાં આવી રહ્યું છે. આ દિવેલનો જથ્થો ક્યાંથી આવ્યો તે વિશે તંત્ર પણ મૌન છે.

દહેગામ તાલુકામાંથી મળી રહેલા આવા દર્દીઓને પગલે આરોગ્ય તંત્ર પુનઃ હરકતમાં આવ્યું છે. આ દર્દીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# કેશીનોની માફક કોઈન લઈને જુગાર રમવા બેઠેલા પાંચ ઝડપાયા

### પેથાપુર પોલીસનો મોટી આદરજ ગામે દરોડો : બે દિવસમાં આ જ ગામમાં બીજો દરોડો : ચાર જુગારીઓ ભાગી છુટ્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર નજીકના મોટી આદરજ ગામમાં સતત બીજી દિવસે પેથાપુર પોલીસે બીજીવાર દરોડો પાડીને જુગારધામ પકડ્યું છે. ગઈ સાંજે પેથાપુર પોલીસની ટીમે આદરજ ગામની સીમમાં દરોડો પાડીને ખુલ્લેઆમ કશીનોની માફક કોઈન લઈને જુગાર રમી રહેલા પાંચ શખ્સોને ઝડપી પાડ્યા હતા. જ્યારે દરોડા બાદ ચાર શખ્સો પોલીસને જોઈને ફરાર થઈ ગયા હતા. પેથાપુર પોલીસે ૬૪ કોઈન તથા રૂ. ૪૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

પેથાપુર પીએસઆઈ ડી.વી. વાળા તથા તેમની ટીમના અજમલભાઈ, ધર્મેન્દ્રસિંહ સહીતની ટીમે ચોક્કસ બાતમીને આધારે મોટી આદરજ ગામની સીમમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો. પોલીસે મોટી આદરજના રાજેશ છના ઠાકોર, કલોલના નારદીપુર વિસ્તારના ચંદુ બાદર ઠાકોર, કલોલના આમજા વિસ્તારના આનંદ રમેશ પટેલ, મોટી આદરજના રોહીત ગગા ઠાકોર અને સે. ૧૫ના છાપરાના કનુ ડાહ્યા રાવળને પકડી પાડ્યા હતા. જ્યારે મોટી આદરજના કાળુ જવાન ઠાકોર, કાના ડાહ્યા ઠાકોર, વિના નાથા ઠાકોર અને ચિનુ લક્ષ્મણ ઠાકોર મળીને ચાર શખ્સો ફરાર થઈ ગયા હતા. પોલીસે રૂ. ૧૭૦૦ રોકડ તથા ૬૪ નંગ જુગાર રમવા વપરાતા કોઈન અને પાંચ મોબાઈલો મળીને કુલ રૂ. ૪૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વોન્ટેડ શખ્સોને શોધી કાઢવા તજવીજ શરૂ કરી છે.

## મુંબઈથી જીવન આસ્થા હેલ્પલાઈન પર ફોન આવ્યો

# મારી પુત્રવધૂના ત્રાસથી હું આપઘાત કરવા જાઉં છુ..!

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં કાર્યરત કરવામાં આવેલી જીવન આસ્થા હેલ્પલાઈન પર મુંબઈથી એક વૃદ્ધનો ફોન આવ્યો, હું મારી પુત્રવધૂના ત્રાસથી કંટાળીને આપઘાત કરવા જાઉ છુ. આ કોલ રેકોર્ડ કરજો અને મારા મૃત્યુ બાદ તેણીને કડક સજા થાય..! આ કોલને અત્યંત ગંભીરતાથી લઈને ગાંધીનગર પોલીસે તાત્કાલિક મુંબઈ પોલીસનો સંપર્ક કર્યો અને મુંબઈના વૃદ્ધ કૉલરનો મોબાઈલ નંબર આપી વૃદ્ધની વ્યથા અને દુઃખ ઉપરાંત તેમની આપઘાત કરવાની પ્રબળ તૈયારી અંગે વાકેફ કર્યા હતા.

મુંબઈ પોલીસે તે મોબાઈલ નંબરને આધારે વૃદ્ધ કૉલર સુધી પહોંચી ગઈ હતી અને વૃદ્ધ આપઘાત કરે તે પહેલા તેમને રોકીને બચાવી લીધા હતા.




**ગાંધીનગર પોલીસે મુંબઈ પોલીસનો તાત્કાલિક સંપર્ક કરી કૉલર વૃદ્ધનો મોબાઈલ નંબર આપ્યો ને વૃદ્ધને આપઘાત કરતા બચાવી લીધા : બે માસમાં હેલ્પલાઈન પર ૧૫૦૦ કૉલ આવ્યા**

ગાંધીનગર રેન્જ આઈજીપી હસમુખ પટેલ તથા જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવ દ્વારા શરૂ કરવામાં આવેલી આ હેલ્પલાઈન દ્વારા એક કુટુંબના મોભીને આત્મહત્યા કરતા રોકી શકવામાં સફળતા મળી છે. આ બનાવ બાદ આપઘાતનો વિચાર કરનાર વૃદ્ધે પણ જીવનઆસ્થા હેલ્પલાઈનનો તથા અધિકારીઓનો આવેશમાં વિચારી લીધેલા કૃત્યને રોકવા બદલ આભાર માન્યો હતો. વૃદ્ધની દીકરીએ પણ હેલ્પલાઈનમાં કોલ કરી કુંટુંબને આફતમાંથી બચાવી લેવા બદલ કાઉન્સીલર સહીતના સ્ટાફનો આભાર માન્યો હતો.

નોંધનીય બાબત છે કે માનસીક રીતે મુંઝવણ કે માર્ગદર્શન માટે ચોવીસ કલાક માટે શરૂ કરવામાં આવેલી જીવન આસ્થા હેલ્પલાઈન (૧૮૦૦ ૨૩૩ ૩૩૩૦) શરૂ થઈ ત્યારથી આજદિન સુધી બે માસમાં ૧૫૦૦ જેટલા કોલ આવ્યા છે. જે તમામને જરૂરી માર્ગદર્શન અને સલાહ-સૂચન આપી મુંઝવણ દૂર કરાઈ છે.

## શૈક્ષણિક પ્રવાસ યોજાયો

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સે-૭ દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયેલ હતો. જેમાં ગિયોડના અંબાજી મંદિર, કંથારપુર વડ, પોળોના જંગલો, ધરોઈ ડેમ અને મહુડીની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં ૮૧ વિદ્યાર્થીઓએ અને ૮ શિક્ષકો પણ પ્રવાસમાં જોડાયા હતા. આચાર્યશ્રી વનિતાબેન બુટાણીએ અભિનંદન પાઠવ્યા હતા. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર તરફથી વિના મૂલ્યે બસનો લાભ આપ્યો હતો.

## નાગર યુવક/યુવતીઓ માટે જીવનસાથી પસંદગી સંમેલન અમદાવાદમાં

સમગ્ર ગુજરાત નાગર પરિષદના ઉપક્રમે અઢાર વર્ષથી દર વર્ષે જાન્યુઆરી માસના પ્રથમ રવિવારે નાગર ગૃહસ્થ/નાગર બ્રાહ્મણ યુવક-યુવતીઓ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનું જીવનસાથી પસંદગી સંમેલન ૩જી જાન્યુઆરીએ અમદાવાદ ખાતે યોજાનાર આ સંમેલનમાં ભાગ લેવા માટેના આવેનદપત્ર શ્રી નરેશભાઈ રાજા, ૪૫૮, જેઠાભાઈની પોળ-ખાડિયા, અમદાવાદ મો. ૯૯૭૪૦ ૩૪૪૬૬ તથા ગાંધીનગરમાં શ્રી અરૂણભાઈ બુચ, શ્રી સુભાષભાઈ ભટ્ટ તથા કૌશિકભાઈ રાવલ પાસેથી મળી શકશે.

# દિવાળી પર્વે નગરમાં કારના વેચાણમાં ઉછાળો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં તહેવારોના પગલે કારના વેચાણમાં સારી એવી તેજી જોવા મળી રહી છે. નગરના કારના શૉ રૂમમાં જ્યાં સામાન્ય સંજોગોમાં મહિને ૨૦૦થી ૨૨૦ આસપાસ ગાડીઓનું વેચાણ થતું હતું તે નવરાત્રિથી અત્યાર સુધીમાં જ ૩૦૦ ગાડીઓ ઉપર નીકળી જવા પામ્યું છે. હજુ દિવાળીના ધનતેરસ અને લાભ પાંચમ જેવા મહત્વના દિવસોમાં પણ વેચાણ વધુ રહેશે તેવો શૉ રૂમ સંચાલકોમાં વિશ્વાસ વર્તાઈ રહ્યો છે. તહેવારોમાં ખાસ કરીને દિવાળી પર્વે વાહનની ખરીદી કરવાનો ટ્રેન્ડ સર્વસામાન્ય હોઈ આ તકનો લાભ ઉઠાવવા ઓટો મોબાઈલ કંપનીઓ દ્વારા ઘણી આકર્ષક ઓફરો અને સ્કીમ્સ પણ ગ્રાહકોને આપવામાં આવી રહી છે.

સે. ૨૮માં પંજાબ હ્યુન્ડાઈ શૉ રૂમના મેનેજર ધર્મેશભાઈના જણાવ્યા અનુસાર નવરાત્રી પર્વથી જ તેમના શૉ રૂમ પરથી તમામ સેગમેન્ટની કાર્સના વેચાણમાં ઘણો ઉછાળો જોવા મળ્યો છે. ગત મહિના કરતા આ મહિને તેમને ત્યાંથી આશરે ૧૦૦થી વધુ ગાડીના વેચાણમાં વધારા સાથે કુલ ૩૫૦ જેટલો આંક પહોંચી જવા પામ્યો છે. સૌથી વધુ ગાડીઓ નવરાત્રી દરમ્યાન વેચાવા પામી હતી. અને દિવાળી માટે પણ એડવાન્સ બુકિંગ સારા પ્રમાણમાં મળી જવા પામ્યું છે. કિરણ મોટર્સના મારૂતિ કારના શૉ રૂમના બ્રિજેશભાઈ જણાવે છે કે ફેમિલીકારના સેગમેન્ટમાં અત્યારે વેઈટીંગ ચાલી રહ્યું છે. આ સાથે તમામ સેગમેન્ટમાં જેમાં ૩.૫ લાખથી ૯ લાખ સુધીની લકઝરી કારના વેચાણમાં વધારો નોંધાયો છે. આ મહિને ૩૦૦થી વધુ કારનું વેચાણ અત્યાર સુધીમાં થઈ જવા પામ્યું છે.

**કાર કંપનીઓ દ્વારા એક લાખનું સોનાથી માંડીને ગાડી પે ગાડી જીતવા સહિતની સ્કીમ ઉપરાંત એશ્યોર્ડ ગીફ્ટ અને કેશ ડિસ્કાઉન્ટની ઓફર કરાઈ રહી છે !**

તહેવારોમાં વાહન ખરીદીનો ટ્રેડ જોતા દરેક ઓટોમોબાઈલ કંપની દ્વારા વિવિધ સ્કીમ્સ ગ્રાહકોને ઓફર કરાઈ રહી છે. જેમાં સ્કેચ કાર્ડ, એશ્યોર્ડ ગીફ્ટ, એક લાખ સુધીનું સોનુ જીતવાની તક તથા ગાડી પે ગાડી જીતવાની તક સહિત કેશ ડિસ્કાઉન્ટમાં પણ રૂ. ૪૦ હજારથી માંડીને રૂ. ૧ લાખ સુધીની સેગમેન્ટ વાઈઝ ઓફર કરાઈ રહી છે. આ દિવાળી પર્વે પોતાની કાર ખરીદી પરિવારમાં ખુશીઓ લાવવા નગરજનો કટિબદ્ધ બન્યા હોય તેવું જણાઈ આવે છે.

# મહાત્મા મંદિર અને રીવરફ્રન્ટ ખાતે ગ્લોબલ લાયન્સ કોન્કલેવ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગ્લોબલ લાયન્સ કલબની પાંચ દિવસીય કોન્કલેવ આગામી તા. ૧૬ થી ૨૦ ડિસેમ્બરના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર અને સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજવામાં આવશે. જેમાં રૂ. ૬૫૦ કરોડના શતાબ્દિ સર્વિસ પ્રોજેકટ્સની જાહેરાત કરવામાં આવશે.

લાયન્સ કલબ ઓફ ગુજરાતના યજમાનપદે 'વિનીંગ મોમેન્ટ'ના થીમ હેઠળ યોજાનાર ઈન્ટરનેશનલ વાયબ્રન્ટ સમીટ ઓન સેન્ટેનિયલ સર્વિસ પ્રોજેક્ટસમાં ૫૦ દેશોના ૫,૦૦૦ થી વધુ ગ્લોબલ ડેલિગેટ્સ સામેલ થશે અને અંદાજે ૧૦૦ મિલિયન ડોલર એટલે કે રૂ. ૬૫૦ કરોડના સમાજસેવાના પ્રોજેક્ટ્સની જાહેરાત કરાશે.

૪૩મા ફોરમ ઓફ ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ લાયન્સ કલબ ઈન્ડિયા, સાઉથ એશિયા, આફ્રિકા અને મિડલ ઈસ્ટ (આઈએસએએમઈ) ત્રણ વર્ષે યોજાતો આ સમારંભ મહાત્મા મંદિર, ગાંધીનગર અને સાબરમતી રિવરફ્રન્ટ ખાતે તા. ૧૬ થી ૨૦ ડિસેમ્બર ૨૦૧૫ દરમ્યાન યોજાશે અને ૨૦૧૭માં લાયન્સ કલબ ઈન્ટરનેશનલની સેવાઓને પુરા થતાં ૧૦૦ વર્ષને બિરદાવાશે.

ગ્લોબલ સર્વિસ એકશન કેમ્પેઈન મારફતે તાત્કાલિક ધ્યાન આપવા જેવા અને ૧૦ કરોડ લોકોને લાભદાયી બને તેવા ચાર સર્વિસ ક્ષેત્રો પસંદ કરાયા છે. તેમાં યુવાનોને સમાજ સેવામાં સાંકળવા, આંખોનું ચેકઅપ અને સારવાર દ્વારા અંધાપા સામે લડત આપવી, ભૂખમરો ઘટાડવા લોકલ ફૂડ બેંક સ્થાપવી તથા માર્ગો, બગીચાઓ અને રમતગમતના મેદાનોની સફાઈ દ્વારા પર્યાવરણ સુરક્ષાના પડકારો ઉપાડી લેવાનું નક્કી થયું છે.

લાયન્સ કલબોએ જાહેરાત કરી છે કે લાયન્સ ઓફ ધ વર્લ્ડના સેકન્ડ વાઈસ પ્રેસિડેન્ટ (ઈન્ડિયા) લાયન્સ કલબ ઈન્ટરનેશનલના શતાબ્દિ વર્ષમાં પ્રેસિડેન્ટ તરીકે નવી દિલ્હીના શ્રી નરેશ અગ્રવાલ ૨૦૧૭માં શિકાગોમાં શપથ લેશે અને શતાબ્દિ વર્ષના કાર્યક્રમોનું નેતૃત્વ સંભાળશે.

૫ દિવસના આ સમારંભમાં વિવિધ દેશોના સભ્યો તેમના રાષ્ટ્રીય પોશાકમાં સીજી રોડથી માંડીને સ્ટેડિયમ સુધી પરેડ કરશે. સાબરમતી રિવરફ્રન્ટ ઉપર પ્રસિદ્ધ બંગલાદેશી ગાયિકા રૂના લૈલાનો સંગીત કાર્યક્રમ તા. ૧૯ ડિસેમ્બરે યોજાશે.

# ડીસીબી બેંક દ્વારા બીબીએ કોલેજમાં ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ ડ્રાઈવ



ગાંધીનગર, તા. ૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશનનાં ૧૬ વિદ્યાથીઓનું ડીસીબી બેંક લિમિટેડમાં ૩૦ દિવસ માટે "ઈન્ટર્નશીપ પ્લેસમેંટ" થયું. બીબીએનાં વિદ્યાથીઓ માટે કોર્સનાં ભાગ રૂપ બેંકિંગ અને તેના કાર્યો, કાર્યકારી મૂડી અને તેના ધિરાણનાં નીયમો જેવા બેંકિંગને લગતો અભ્યાસક્રમ ભણતા હોય છે. અને તેનુ પ્રૅક્ટિકલ જ્ઞાન આપવા માટે તેમજ બીબીએ બાદ બેંકમાં નોકરી માટેની ઉજવવળ તકો માટે આ ઈન્ટેન્શીપ ટ્રેનિંગનું આયોજન થયુ હતુ. આ ઈન્ટર્નશીપ માટે સૌ પ્રથમ ઉપસ્થિત રહેલા તૃતીયવર્ષ બીબીએમાં અભ્યાસ કરતાં ૧૬ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા જેમાંથી ૪ વિદ્યાથીઓની પસંદગી થઈ. બેન્કનાં ઍજીઍમ અભિનવ જોહરી અને મી. હીરેન ક્ષત્રીયએ વિદ્યાર્થીઓને બેંકિંગ ઓપરેશન્સના રોજીંદા કાર્યોથી તમામને માહિતગાર કર્યા તદઉપરાંત ધિરાણ નાં નીયમો બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. બેંકિંગ ઓપરેશન્શને લગતા અલગ અલગ ૨ વિષયો સાથે ૪ વિદ્યાર્થીઓને ગાંધીનગર તેમજ અમદાવાદ સ્થિત બ્રાંચમાં તેઓનુ ઈન્ટર્નશીપ પ્લેસમેંટ કરવામાં આવ્યું.

વિદ્યાર્થીઓને ૩૦ દિવસ ની ટ્રેનિંગ દરમ્યાન ડીસીબી બેંકમાં બપોરે ૧.૦૦ વાગ્યા થી ૬.૦૦ વાગ્યા સુધી તાલીમ આપવામાં આવશે. બ્રાન્ચ નાં એજીએમ હીરેન ક્ષત્રીય અને શ્રી અભિનવ જોહરી દ્વારા સમગ્ર ડ્રાઈવ ને સફળ બનાવવા ખૂબ સહકાર પુરો પાડ્યો હતો. કૉલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પુષ્ટીનાં માર્ગદર્શન હેઠળ, ટ્રેનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ.જયેશ જે. તન્ના, પ્રો.માર્ગી દેસાઈ, પ્રો.આશિષ ભુવા તેમજ સમગ્ર ટીમ દ્વારા ખૂબ જહેમત ઉઠાવી હતી.

## સાઉથ ઝોન ઈન્ટર કોલેજ જૂડો સ્પર્ધામાં ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓને સિલ્વર મેડલ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન ઈન્ટર કોલેજ જૂડો સ્પર્ધા ગત તા. ૨૬ ઓકટોબરના રોજ નડિયાદ સ્થિત સી.બી. પટેલ આર્ટસ કોલેજ ખાતે યોજવામાં આવી હતી. જેમાં ચૌધરી કોમર્સ કોલજની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃઠ દેખાવ કર્યો હતો. કોલેજની વિદ્યાર્થીની રમીલા બી.ચૌધરીએ ૪૮ કિગ્રા વજન ગ્રુપમાં સિલ્વર મેડલ અને સુરેખા એન. ચૌધરીએ ૫૨ કિગ્રા વજન ગ્રુપમાં સિલ્વર મેડલ મેળવ્યો છે.અમદાવાદ ખાતે યોજાયેલી ઈન્ટર ઝોનલ જુડો સ્પર્ધામાં પણ રમીલા ચૌધરીએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. જુડો સ્પર્ધામાં સે-૭ ચૌધરી કોમર્સ કોલેજની વિદ્યાર્થીનીઓએ નગર તેમજ કોલેજનું ગૌરવ વધાર્યું છે. જે બદલ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય રાજ ચૌધરી તેમજ સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.



## કપાસ-ડાંગરના પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતોની હાલત કફોડી બની

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચાલુ વર્ષે ખરીફ પાકમાં ખેડૂતોએ મોટા પ્રમાણમાં ડાંગર તેમજ કપાસનું વાવેતર કર્યું હતું. ત્યારે વરસાદની અનિયમિતતા તેમજ કપાસની ખેતીમાં વિવિધ રોગોએ આક્રમણ કરતાં ખેડૂતોની હાલત કફોડી બની છે. કપાસના પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતો ચિંતિત બન્યા છે. ૧ વીઘા જમીનમાં ઉત્પાદન ખર્ચ અને ઉપજ ખર્ચ આંકડા વચ્ચે પણ મોટો તફાવત જોવા મળે છે. ખેડૂતોને ૧ વીઘા કપાસની ખેતીમાં રૂ. ૧૦૫૦ની નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. દિવાળીનો તહેવાર નજીકમાં છે. ત્યારે પાકના પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતોના હૈયે હોળી પ્રગટી છે. એક વીઘા જમીનમાંથી ૨૦ મણ રૂની આવક થાય છે. ૧ મણ રૂના ભાવ રૂ. ૮૦૦ છે. ત્યારે કપાસની ખેતી કરતા ખેડૂતોને રૂ. ૧૬૦૦૦ ઉપજ રહે છે. પરંતુ ખેતરમાં દવા, ખાતર, ખેડ, પિયત ખર્ચ સહિત વિવિધ મજુરીનો ખર્ચ રૂ. ૧૭,૫૦૦ થવા જાય છે. ત્યારે ખેડૂતોને રૂ. ૧૦૫૦ની નુકશાની વેઠવાનો વારો આવતા ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે.

## ખૂણે ખાંચરેથી...

- ગોકુલપુરામાંથી આજે વધુ ડેન્ગ્યુનો કેસ મળી આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં શાકભાજીના ભાવોમાં પર્વો પહેલાં જ વધારો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર શહેરના બજારોમાં હજુ ઘરાકી બહુ જોવા મળતી નથી.
- કલેક્ટર કચેરીમાં ચીટનીસની ચૂંટણી કામગીરી માટે થયેલી બદલીને લઈ મામલતદાર દબાણ તરીકે ફરજો બજાવતા શ્રી મકવાણાને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં ખેડૂતો રવિ સીઝનના વાવેતર માટે લાભપાંચમ પછી મુહૂર્ત કરશે.

## ગાંધીનગર જિલ્લા ઓબીસી ડિપાર્ટમેન્ટના ચેરમેન તરીકે દુષ્યંત ચૌધરીની વરણી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા ઓબીસી (બક્ષીપંચ) ડીપાર્ટમેન્ટના ચેરમેન તરીકે ચૌધરી સમાજના યુવા અગ્રણી શ્રી દુષ્યંત ચૌધરીની નિમણુંક કરવામાં આવી છે.



ગુજરાત કોંગ્રેસના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીની સુચનાથી કોંગ્રેસ ઓબીસી ડિપાર્ટમેન્ટના ચેરમેનશ્રી બળદેવજી ઠાકોર (ધારાસભ્યશ્રી, કલોલ) દ્વારા ગાંધીનગર જિલ્લા ઓબીસી (બક્ષીપંચ) ડિપાર્ટમેન્ટના ચેરમેન તરીકે ચૌધરી સમાજના યુવા અગ્રણી શ્રી દુષ્યંત ચૌધરીની નિમણુંક કરવામાં આવી છે. જિલ્લા પ્રમુખ શ્રી સુર્યસિંહજી ડાભી, ડૉ. સી.જે.ચાવડા, શ્રી જસુભા રાણા, ધારાસભ્ય શ્રી અમિતભાઈ ચૌધરી, શ્રી અશ્વિનભાઈ બારોટ તેમજ જિલ્લાના તમામ કોંગ્રેસ આગેવાનોએ શ્રી દુષ્યંત ચૌધરીની નિમણુંકને આવકારી તેઓને અભિનંદન પાઠવ્યા છે.

## આગામી રવિવારે ગાંધીનગરના કવિઓ કૃતિઓનું સ્વમુખે પઠન કરશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સાહિત્ય સભા અને શહેર વસાહત મહામંડળના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૮ નવેમ્બરના રોજ સેક્ટર-૨૧, જિલ્લા પુસ્તકાલય ખાતે સાંજે ૫.૦૦ કલાકે ગાંધીનગરના કવિઓની કૃતિઓનું સ્વમુખે પઠન અંગે એક કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી મૂળજીભાઈ પરમારના જણાવ્યા મુજબ ગાંધીનગરના ૫૧માં સ્થાપના દિનને અનુલક્ષી ગત તા. ૧ ઓગષ્ટના રોજ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ અનિવાર્ય સંજોગોના કારણે આ કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો હતો. જેને અનુલક્ષી આગામી રવિવારે નગરના કવિઓએ ગાંધીનગર માટે લખેલી કૃતિઓનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. ગાંધીનગરની સાહિત્ય સભાની માસિક બેઠક દરમિયાન યોજાનાર આ કાર્યક્રમમાં નગરના કવિઓ, સાહિત્યકારો તેમજ વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓને હાજર રહેવા જણાવાયું છે.